જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા..૪/૧૦/૨૦૧૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-     સમાચાર યાદી નં.૧૯૯૧/૧૫

## રીઢા ઘરફોડ તેમજ વાહનચોરની ધરપકડ કરી રાણીપ વિસ્તારની ATM ચોરીનો ભેદ ઉકેલતી અમદાવાદ ક્રાઇમ બ્રાંચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચના નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપેન ભદ્રન સાહેબ નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનેલ મિલકત સબંધી ગુના ઓ શોધી કાઢવા અને અટકાવવા સારૂ સુચના કરેલ તે અનુસંધાને મદદનીશ પોલીશ કમિશ્નરશ્રી કે.એન.પટેલ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્કોર્ડ ના પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી જે.એન.ઝાલા તથા પોલીસ સબ ઇન્સ્પેક્ટર એચ.પી.કરેણ નાઓએ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગ દરમિયાન બાતમી આધારે રાયપુર ચાર રસ્તા પાસેથી પ્રભાત ઉર્ફે પ્રતાપ ઉર્ફે પીન્ટુ બચુભાઈ લોધારહે. મકાન નં.૮૬૨/ રૂગનાથપુરા પીઠ, ખાડીયા પોલીસ સ્ટેશન સામે, રાયપુર અમદાવાદ નાઓને ઝડપી પાડેલ છે.

સદર આરોપીની પૂછપરછ દરમિયાન આરોપીએ આજથી સાત માસ અગાઉ રાત્રે દોઠ–બે વાગ્યાની આસપાસ ગાંધી આશ્રમ રોડ પર આવેલ કેનેરા બેન્કના એ.ટી.એમ.સેન્ટર તોડી પાડવાની કૌશીશ કરેલાની હકિક્ત તપાસમાં ખુલેલ છે.

### આરોપી નો ગુનાહિત ઈતિહાસ

આરોપી પ્રભાત ઉર્ફે પ્રતાપ ઉર્ફે પીન્ટુ બચુભાઈ લોધા નાઓ સઘન પૂછપરછ દરમિયાન પોતે અગાઉ કાગડાપીઠ,ખાડીયા,મણીનગર,નવરંગપુરા,કાલુપુર,કારંજ,ઇસનપુર પોલીસસ્ટેશનમાં વાહનચોરી તથા ઘરફોડ ચોરીમાં પકડાયેલ છે. આરોપી મુખ્યત્વે દુકાન તેમજ ઓફીસમાં ચોરી કરવાની ટેવ વાળો છે. આરોપીએ અગાઉ ત્રણ વખત પાસા પણ કાપેલ છે. આરોપીને ચોરીનો મુખ્ય ઉદેશ પૂછતા તે આર્થીક તંગી ને પહોચી વળવા માટે કરે છે. આરોપી નશો કરવાની ટેવ વાળો છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)